અપીલ અરજી નં.૬૦૮ તા.૬–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રજાપતિ મનિષભાઈ વિઠ્ઠલભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રજાપતિ મનિષભાઈ વિઠ્ઠલભાઈની તા. ૦૭–૦૯–૧૧ની અરજીથી કતારગામઝોન વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ સેન્ટરના દુકાનના નામ ટ્રાન્સફર બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૮/૨૦૧૧–૧૨

શ્રી પ્રજાપતિ મનિષભાઈ વિઠ્ઠલભાઈની તા.૦૭–૦૯–૧૧ની અરજીથી કતારગામઝોન વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ સેન્ટરના દુકાનના નામ ટ્રાન્સફર બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ / એ.આર.ડી / ૬૫૫ તા. ૨૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા તેમજ તા. ૨૩–૧૨–૧૧ના પત્રથી જણાવેલ જમીન મિલ્કતની માહિતી મૂળ અરજીમાં સમાવિષ્ટ હતી કે કેમ ? ચકાસી ઈન્કાર માટેના વાજબીપણા સહ વિગત જણાવવા અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજીના મુદ્દા નં.૪ની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની હોવા છતાં તા. ૭–૧૨–૧૧ના પત્રથી માહિતીના ઈન્કાર માટે વાજબીપણું તેમજ અરજદારની તા. ૧૪–૧૦–૧૧ની રજુઆત નકલ પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૭૫૮ તા.૧૪–૨–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી– ફી ભર્યાની વિગતો જણાવેલ ન હોઈ, તે રજૂ કરવા સાથે નારજગીની વિગતો મૂળ માંગેલ માહિતીના પરિપેક્ષ્યમાં આધાર સહ–મુદ્દાવાર સ્પષ્ટ કરવા સાથે તેમની તા. ૧૪–૧૦–૧૧ના રજુઆત પત્રની નકલ પણ મોકલવા પત્ર પાઠવવામા આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/૪૪૭૯ તા.૧–૧૦–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૭૩ તા.૩૦–૧૨–૧૧ ના પત્રની નકલ, એન.ઝેડ/એઆરડીઆ/૬૫૫ તા. ૨૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૦૭–૦૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા ન.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૭૯ તા.૧–૧૦–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) દુકાનના નામ ટ્રાન્સફર માટે કેટલી અરજી આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એપ્રિલ–૧૧ થી ૧૫ સપ્ટે.૧૧ સુધીમાં આવેલ અરજી ૪૦૨૫ (૨) દુકાનના નામ ટ્રાન્સફર માટેની કેટલી અરજી પેન્ડીંગ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના સમયગાળા માટે પેન્ડીંગ અરજી ૪૩૯ છે. (૩) કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના સમયગાળા માટે નિકાલ અરજી ૩૫૮૬ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) તેમજ તે માટેની તમામ નિયમોની તેમજ સ્થા.સ.ઠ. ની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયમો કે સ્થા.સ.ક. ના કોઈ નિયમો નથી આ બાબતે નોર્થઝોન/(કતારગામ) કચેરી રૂમ ન.૧૧૫ આકારણી અને વસુલાત વિભાગની કચેરીની બહાર બોર્ડ ઉપર વિગતો

પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમજ નામ ટ્રાન્સફર અરજીઓ માટે અરજદારને આપવામાં આવતા પુરાવા રજૂ કરવાના રહે છે. પુરાવા પત્રની નકલ નંગ–૧અરજદારને પૂરી પાડવામાં આવેલ છે .

ત્યાર બાદ અરજદારના તા.૧૪–૧૦–૧૧ ના પત્ર બાબતે અરજદારે પત્ર નં.એન.ઝેડ/૫૯૭ તા.૭–૧૨–૧૧ થી અરજદારને અગાઉના પત્ર નં.૪૪૭૯ તા.૧–૧૦–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે તેથી સદર અરજી બાબતે કોઈ વિશેષ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે મ્યુ. કમિ.શ્રીને સંબોધીને તા.૧૫–૧૨–૧૧ ના રોજ કરેલ અરજી સદર્ભે એન.ઝેડ/એઆરડી/૬૫૫ સંદર્ભે અરજીથી તમો માંગેલ માહિતી તા.૧–૧–૧૧ થી આપવામાં આવેલ છે. તા.૧૪–૧૦–૧૧ ના પત્રનો જવાબ તા.૭–૧૨–૧૧ થી આપવામાં આવેલ છે. તથા તા.૧૫–૧૨–૧૧ ની અરજી બાબતે માંગેલ માહિતી આકારણી અને વસુલાત વિભાગ તરફથી તા.૭–૯–૧૧ ના રોજ માહિતી આપવામાં આવેલ છે. તેમજ સદર અરજીમાં તમોએ માંગેલ માહિતી જમીન વિભાગ ને લગતી માલુમ પડતી હોય અલગ અરજી કરી સબંધિત વિભાગને સ્પષ્ટપણે જમીન મિલ્કતમાં જણાવેલ અરજી કરી માહિતી મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જેની મુળ અરજી તા.૭–૯–૧૧ બાબતે આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૪૭૯ તા.૧–૧૦–૧૧ થી આપેલ માહિતીના પત્ર વ્યવહાર સંદર્ભે એન.ઝેડ/આ.નં.૫૯૭ તા.૭–૧૨–૧૧ થી આપેલ માહિતી બાબતે પણ નં. એસએમસી/એફએપી/૪૭૪/૧૧–૧૨ તા.૧૫–૧૨–૧૧ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. ત્યારે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૧૩૦૩ તા.૨૨–૧૨–૧૧ થી અપીલ અરજી અંગે ફોર્મ ભરી રજૂઆત કરવા તથા વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે કમિ.શ્રીને કરેલ અરજી સંદર્ભે પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/૬૫૫ તા.૨૩–૧૨–૧૧ થી આપેલ પ્રત્યુત્તર બાબતે નમુના–ચ માં ફોર્મ ભરી નારાજગી વ્યકત કરી તા.૬–૨–૧૨ ના રોજ પુનઃ અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી વિગતવાર હુકમ નં.આરટીઆઈ સેલ/૧૭૪૫ તા.૧૩–૨–૧૨ થી " અરજદારની તા.૭–૯–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ સિવાય પૂરી પડાયેલ છે. પરંતુ મુદ્દા નં.૪ ની સ્વયં પ્રકાશિત જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. વધુમાં અરજદારે તા.૧૫–૧૨–૧૧ના પત્રથી મુળ અરજીથી મનપાના શોપીંગ સેન્ટર દુકાનની તબદીલીની અલાયદી માહિતીની માંગણી અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તેવો વિગતવાહ હુકમ કરવામાં આવેલ છે. જે યથાવત રહેવા પામે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૯–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે અગાઉ અત્રેથી કરવામાં આવેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૧૭૪૫ તા.૧૩–૨–૧૨ નો હુકમ યથાવત રાખવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રજાપતી મનીષભાઈ વિઠ્ઠલભાઈ,